# ભારતીય સમાજ અને મહિલા વિકાસ



ડો.પ્રકાશભાઈ વિછીયા
આસી.પ્રોફેસર
મનોવિજ્ઞાન વિભાગ
સી.બી. પટેલ આર્ટસ કોલેજ, નડિયાદ.

❖ **પ્રસ્તાવના:–**

ભારતમાં સ્ત્રીઓનો દરજ્જાની એક ખાસિયત એ રહી છે કે ભારતમાં સ્ત્રીઓના દરજ્જામાં પરિવર્તનની પ્રક્રિયા છેક 18 મી સદી સુધી સમાનતામાથી અસમાનતા તરફની રહી છે. બ્રિટિશ યુગમાં 19 મી સદીથી સ્ત્રીઓના દરજ્જામાં અસમાનતામાથી સમાનતા તરફના પરિવર્તનનો પ્રવાહ શરૂ થયો. પરંતુ હજુ વાસ્તવમાં બે સદી પછી પણ સ્ત્રી–પુરૂષ સમાનતા સિધ્ધ થઈ શકી નથી. ભારતની નારીને વિશ્વના કોઈપણ દેશની નારી કરતાં વધુ અધિકારો આપવામાં આવ્યા છે. પરંતુ ભારતીય નારી હજુ એ અધિકારો ભોગવવા સમર્થ બની નથી.

વૈદિક યુગમાં સ્ત્રી–પુરૂષ સમાનતા પ્રવર્તતી હતી. સમાજમાં સ્ત્રી માનભર્યું અને ગૌરવપૂર્ણ સ્થાન ધરાવતી હતી પરંતુ વૈદિક યુગના અંતભાગમાં સ્ત્રી–પુરૂષ અસમાનતા ઉદભવી અને સ્ત્રીના હકો ઉપર વિવિધ પ્રકારના નિયંત્રણો મૂકાવા લાગ્યા. આમ, વૈદિક યુગની તુલનામા અનુવૈદિક યુગમાં સ્ત્રીનું સ્થાન નીચું ગયું. પ્રાચીન યુગ સુધી સ્ત્રીનું સ્થાન એકંદરે બહુ નીચું ગયું ન હતું પરંતુ પ્રાચીન યુગના અંતમાં શરૂ થયેલી સ્ત્રી–પુરૂષ અસમાનતાની પ્રક્રિયા વિકાસ પામતી ગઈ અને મધ્યયુગના અંત સુધીમાં લગભગ 18 મી સદી સુધીમાં સ્ત્રી–પુરૂષ અસમાનતા એટલી વધી ગઈ કે સ્ત્રીનું જીવન ઘરને ચાર દીવાલ પૂરતું સીમિત બની ગયું.

બ્રિટીશ અમલમાં સદીઓથી ભારતીય નારી જે સામાજિક અને કાનૂની અન્યાય સહન કરતી હતી તે દૂર કરવા ચળવળ શરૂ થઈ. પશ્ચિમ સંપર્કના લીધે સ્ત્રીઓમાં પોતાની જાત વિશેનો સંપૂર્ણ નવો જ ખ્યાલ વિકસ્યો. 19 મી સદીના વિભિન્ન સુધારકોએ સ્ત્રી ઉત્થાન માટે પ્રયાસો કર્યા. સમય જતાં સ્ત્રીઓ પણ પોતાની જાત પ્રત્યે સભાન બની. સ્ત્રીઓએ નેતૃત્વ અને સંગઠનો દ્વારા તેમની નિર્યોગ્તાઓ નાબૂદ કરવા પ્રયાસો કર્યા. ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ, વિમેન્સ ઇંડિયન એસોસિએશન, નેશનલ કાઉન્સીલ વગેરે..... સ્ત્રી જાગૃતિના પ્રતિક સમાન બન્યા. પરિણામે બ્રિટીશ યુગમાં ભારતીય સ્ત્રી અનેક અવરોધોમાથી પસાર થતાં સ્વાતંત્ર્ય અને સમાનતા સ્થાપિત કરવામાં આવી અને તેને સાકાર કરવા કાનૂન અમલમાં મૂકવામાં આવ્યો. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો શૈક્ષણીક અને રાજકીય દરજ્જો શું છે ? તેનો થોડો પરિચય મેળવીએ.

❖ **સ્ત્રીઓનો શૈક્ષણિક દરજ્જો :–**

બ્રિટીશ યુગથી શરૂ થયેલી સ્ત્રી શિક્ષણની પ્રગતિકુચ સ્વતંત્ર ભારતમાં વધુ ઝડપી બની છે. સ્ત્રી શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધવા પામ્યો છે. શિક્ષણનું જેમ જેમ સાર્વત્રિકરણ થતું જાય છે તેમ તેમ સ્ત્રી શિક્ષણ વધતું જાય છે. વધતાં જતાં સ્ત્રી શિક્ષણે સ્ત્રી દરજ્જા પર અનેકવિધ અસરો ઉપજાવી છે. જેમ કે......

- સુધારકોએ સ્ત્રીને આત્મનિર્ભર બનવવાના સાધન તરીકે સ્ત્રી શિક્ષણ પર ભાર મૂક્યો હતો. શિક્ષણે સ્ત્રીને વ્યાવસાયિક તકો પૂરી પાડી, નોકરી કરતીસ્ત્રીઓઆર્થિક રીતે પગભર બની આત્મનિર્ભર થઈ છે. વિધવા અને ત્યક્તા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી પણ આત્મનિર્ભર બની સ્વમાનભેર જીવન જીવવા લાગી છે.

- શિક્ષણ સ્ત્રીના વ્યક્તિત્વ ઉપર પણ ઘેરી અસર પાડી છે . શાળા કોલેજોમાં છોકરીઓ રમત–ગમત, કળા, સંગીત અંગેના કૌશલ્ય કેળવે છે. શિક્ષણની સહાયથી સ્ત્રી યોગ્ય નિર્ણય લઈ શકવા શક્તિમાન બની છે. પોતાના પ્રશ્નો પોતે જ હલ કરવા લાગી, સમાજમાં પોતાના સ્થાન અંગે નવી દ્રષ્ટિથી વિચારવા લાગી.
- શિક્ષણ સ્ત્રીને ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવાની શક્તિ સાથે સામાજિક ગતિશીલતા માટે પ્રોત્સાહન પુરૂ પાડે છે. સ્ત્રીને ઘરમાં તેમજ સમાજમાં પોતાનું સ્થાન મેળવવામાં શિક્ષણ સહાયરૂપ બન્યું છે. શિક્ષણથી સ્ત્રીનો પોતાનો, પોતાના બાળકોનો અને સમગ્ર કુંટુંબનો દરજ્જો ઉચો આવે છે.
- શિક્ષણ સ્ત્રીઓને તેના હક્કો પ્રત્યે સભાન બનાવે છે. જેમ કે સામાજિક, આર્થિક, રાજકીય, વ્યાવસાયિક ક્ષેત્રોમાં સ્ત્રી પોતાના હકકોથી જાગૃત બની છે. કુંટુંબ, મિલકત, વારસો, છૂટાછેડા, ભરણપોષણ, વગેરે અંગેના હકકોથી સ્ત્રીઓ સભાન બની આ કારણે શિક્ષિત સ્ત્રીઓ શોષણ સામે રક્ષણ પ્રાપ્ત કરી શકે છે.
- શિક્ષિત સ્ત્રીઓનો કૌટુંબિક દરજ્જો અશિક્ષિત સ્ત્રીઓના કૌટુંબિક દરજ્જાની સરખામણીમાં ઊંચો હોય છે. શિક્ષણથી કુટૂંબમાં સ્ત્રીનો પુત્રી તરીકેનો, પત્ની તરીકેનો અને માતા તરીકેનો દરજ્જો ઊંચો આવ્યો છે. આમ, શિક્ષણે સ્ત્રીને કુંટુંબ જીવનમાં મહત્વનુ સ્થાન અપાવ્યું છે.
- સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓની લગ્નવય ઊંચી લઈ જવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. જીવનસાથીની પસંદગીનો ખ્યાલ બદલી સ્વપસંદગીને પ્રાધાન્ય આપવા લાગી. પુખ્તવયે લગ્ન કરતી હોવાથી કુંટુંબમાં સમાન દરજ્જાનો આગ્રહ રાખવા લાગી. દામ્પત્ય જીવનમાં પણ અનુકૂલન સાધવામાં જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરી કુંટુંબજીવનને સમૃદ્ધ બનાવી શકી. આમ, શિક્ષણે સ્ત્રીનો લગ્ન વિષયક દરજ્જો ઊંચો લઈ જવામાં ભાગ ભજવ્યો.
- શિક્ષિત સ્ત્રીઓએ પરદાપ્રથાને તિલાંજલી આપીને પતિ સાથે જાહેરસ્થળોએ હરવા–ફરવા જાય છે તેમજ ઘર બહારની બીજી અનેક સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃતિઓમાં પણ ભાગ લેતી થઈ છે.

- સ્ત્રી શિક્ષણ વધતું જાય છે તેમ તેમ સ્ત્રીઓમા રાજકીય જાગૃતિ વિકાસ થતી જાય છે. ચૂંટણીઓમાં સ્ત્રીઓનું મતદાન, ઉમેદવારી, રાજકીય પક્ષોનું સભ્યપદ વધતું જાય છે. આમ, શિક્ષણે સ્ત્રીઓનો રાજકીય દરજ્જો ઉચો લઈ જવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.
- સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓને શાળા કોલેજની ચૂંટણીઓમાં મતદાન, ઉમેદવારી, સ્ત્રી પ્રતિનિધિ, વર્ગ–પ્રતિનિધિ તરીકેની ભૂમિકાઓ ભજવવામાં મદદ કરી સમાજજીવનમાં નેતા બનવા માટે રાજકીય પક્ષોની સ્ત્રી પાંખોમાં તેમજ ચૂંટણીમાં પ્રચારક તરીકેની ભૂમિકા ભજવે છે.
- શિક્ષિત સ્ત્રી આધુનીક વિચારો અને મૂલ્યના રંગથી રંગાયેલી હોય છે. આથી, તેમના સંતાનોનું સમાજીકરણ પણ આધુનિકઢબે કરી સંતાનોમાં આધુનિક વિચારો અને મૂલ્યોનું સિંચન કરે છે. શિક્ષિત સ્ત્રીઓમાં આધુનિક મૂલ્ય તરીકે નાના કુંટુંબના ધોરણો સ્વીકાર કરે છે.
- શિક્ષિત સ્ત્રીઓના વર્તન વ્યવહાર, જીવનરીતિ, બાળ–ઉછેરની રીત, વિચારો, વગેરે અશિક્ષિત સ્ત્રીઓ માટે પ્રેરણા પૂરી પાડે છે તેમજ કુંટુંબના કદને મર્યાદિત રાખી કુંટુંબ જીવનને સમૃદ્ધ બનાવે છે.
- શિક્ષણથી સ્ત્રીઓમાં બુધ્ધિ અને કૌશલ્ય વિકાસ પામે છે. સમસ્યાને સમજી તેને ઉકેલવાની સૂઝ તેનામા કેળવાય છે. સંકટભર્યા જીવનમાં ઝઝૂમવાની શકિત પૂરી પાડે છે.

આમ, સ્ત્રી શિક્ષણે સ્ત્રીના દરજ્જા ઉપર, સમગ્ર જીવન ઉપર, સર્વાંગી, વ્યાપક અને દૂરગામી અસરો ઉપજાવી સ્ત્રીજીવનને વધુ ઉન્નત બનાવી બહુવિધ ભૂમિકા માટે સજ્જ કરીને ભારતીય સમાજમાં આમૂલ પરિવર્તનો આણ્યા છે.

### ❖ સ્ત્રીઓનો રાજકીય દરજ્જો :–

બંધારણમાં સ્ત્રીઓને રાજકીય દરજ્જો, રાજકીય સહભાગીપણું તથા રાજકીય પ્રક્રિયા પર સ્ત્રીઓના પ્રભાવની સમજૂતી આ પ્રમાણે આપવામાં આવી છે.

✓ **બંધારણમાં સ્ત્રીઓનો રાજકીય દરજ્જો :–**

સ્વતંત્ર ભારતના બંધારણની કલમ 15 થી તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર મળ્યો છે. આ કલમથી ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળને કારણે કરાતા ભેદભાવનો નિષેધ મૂકવામાં આવ્યો અને કાયદા સમક્ષ સમાનતા સ્થાપિત કરવામાં આવી.

1989 પહેલા મતદાન માટે પુક્તવય 21 ઠરાવવામાં આવી પરંતુ 1989 ના 61 માં બંધારણીય સુધારાના કાયદાથી બંધારણની કલમ 326 માં સુધારો કરવામાં આવ્યો. આસુધારા અનુસાર દેશના યુવા નાગરિકોને વાચા આપવા માટેની તથા રાજકીય પ્રક્રિયામાં સહભાગી બનવા માટેની તક પૂરી પાડવા માટે મતદાન માટેને એપુક્તવાય 18 વર્ષ કરવામાં આવી.

બંધારણની કલામ 19 સર્વ નાગરિકોને સમાનતાના ધોરણે વાણીના અને અભિવ્યક્તિના, સ્વાતંત્ર્યનો તથા મંડળો, સંઘો રચવાના હક આપે છે. આ અધિકાર અનુસાર સ્ત્રીઓ અને પુરૂષો, રાજકીય પક્ષ સ્થાપી શકે છે. રાજકીય પક્ષનું સભ્યપદ મેળવી પ્રચાર કરી શકે છે. સ્ટ્રેઓ માટે અનામત બેઠકોની વ્યવસ્થા દ્ધારા સ્ત્રીઓને વિશિષ્ટ અધિકારો મળ્યા છે. મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓએ ભજવેલી વિભિન્ન ભૂમિકાઓ અને ગાંધીજીના વિચારોએ સૈધ્ધાંતિક રીતે સ્ત્રી–પુરૂષ સમાનતાનું પ્રસ્થાપન કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

✓ **રાજકીય પ્રક્રિયા ઉપર સ્ત્રીઓનો પ્રભાવ :–**

સમાજમાં સ્ત્રીની રાજકીય ભૂમિકાના મહત્વને સૂચિત કરતી હોય કેટલીક બાબતો સ્ત્રીના રાજકીય દરજ્જા ઉપર પ્રકાશ પાડે છે.

રામાયણમાં કૈકઈએ દશરથ રાજા સાથે રણમોર્ચે અગત્યની ભૂમિકા ભજવી હતી. બ્રિટિશ સત્તા સામેના સ્વાતંત્ર્ય સંગ્રામમમાં રાણી લક્ષ્મીબાઈએ પ્રભાવશાળી નેતૃત્વ પુરૂ પાડી યોધ્ધાની ભૂમિકા અદા કરી હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિબાદ પંચાયતથી માંડીને લોકસભામાં જેકોઈ સ્ત્રીઓ ચૂંટાઈ આવે છે તેમાથી બહુ ઓછી સ્ત્રીઓ ઉચ્ચ કક્ષાના સત્તાસ્થાનો પ્રાપ્ત કરવા સક્ષમ બને છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ દેશને શક્તિશાળી, ગતિશીલ અને પ્રભાવશાળી નેતૃત્વ પુરૂ પાડ્યું છે. સ્વરાજ્યની સંસ્થાઓ અને નિગમોમાં અત્યારે સ્ત્રીઓની સંખ્યા વધી ગવર્નર પદે અને મુખ્યમંત્રીપદે કેટલીક સ્ત્રીઓ પહોંચી.

હાલમાં ભારતના રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ સત્તા સ્થાન પર એક સ્ત્રી દ્રોપદીજી મુર્મુ છે તેમજ લોકસભાના સ્પીકરપદ, પક્ષનું પ્રમુખપદ, સત્તાસ્થાનોની પ્રાપ્તિ સ્ત્રીઓ દ્વારા થઈ છે. દરેક રાજકીય પક્ષમાં મહિલા પાંખ છે. તેમાં સ્ત્રીઓ નેતૃત્વ મેળવે છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર જોઈએ તો દુનિયાભરની સંસદોમાં સ્ત્રીઓનુ પ્રતિનિધિ માત્ર 11 ટકા છે. યુનોમાં 185 દેશો સભ્યપદ તરીકે છે. જેમાં સાત દેશોની પ્રતિનિધિ કાયમી ધોરણે સ્ત્રી જ છે. વિશ્વની મહિલાઓ રાજકીયક્ષેત્રે 33% અનામત માંગે છે. બીજા રાષ્ટ્રોની સરખામણીમાં ભારતીય નારીનું રાજકીય સ્થાન ઉચુ છે.

રાજકીય પ્રક્રિયામાં સ્ત્રીઓએ વિભિન્ન ભૂમિકા ભજવી છે. જેમ કે સામાજિક કાર્યકર તરીકેની, નારી વિકાસ અંગેની,નીતિ, હોદેદારો અને પદાધિકારીએ તરીકેની, શાસક તરીકે વગેરે રાજપ્રક્રિયા ઉપર પોતાનો પ્રભાવ પડ્યો છે.

સ્ત્રીઓએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સ્ત્રીના સ્થાનની સુધારણા માટે, સામાજિક કાયદા માટે, લોકમતનું ઘડતર કરવામાં અગત્યની ભૂમિકા ભજવી છે.

સ્ત્રી ઉમેદવારો પોતાની ભૂમિકાને લોકપ્રતિનિધિ તરીકે જુવે છે તેમજ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાનું મહત્વ ધરાવતા પ્રશ્નોમાં રસ લેવા લાગી છે. મોટાભાગના રાષ્ટ્રીય પક્ષો ચૂંટણી દરમ્યાન સ્ત્રીઓને નારી કલ્યાણ અને પ્રચારના સાધન તરીકે ઉપયોગમાં લે છે. કુલ મતદારોમાથી 50 ટકા મતદારો સ્ત્રીઓ છે.

આમ, ચૂંટણીઓમાં તેમજ સ્ત્રીઓને સ્પર્શતા રોજબરોજના પ્રશ્નોમાં પોતાના મંતવ્યોની અભિવ્યક્તિ માટેની તેમની તત્પરતા દ્વારા સ્ત્રીઓનું રાજકીય સહભાગીપણું વધુ છે. પરંતુ તે પુરૂષોને સરખામણીમાં ઓછું છે. તેમાં કહેવું જ રહ્યું !

- ✓ **સ્ત્રીઓનું રાજકીય સહભાગીપણું :–**

સ્ત્રીઓનું રાજકીય સહભાગીપણું સ્ત્રીઓના વાસ્તવિક રાજકીય દરજ્જાનું એક મહત્વનુ પાસું છે. મતદાન વર્તનમાં સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય પ્રશ્નો પ્રત્યે નાગરિક તરીકે સ્ત્રીઓ અને પુરૂષોની સભાનતા વ્યક્ત થાય છે. 1952 અને 1999 દરમ્યાન 13 સામાન્ય ચૂંટણીઓમાં 1984 ની ચૂંટણીને બાદ કરતાં પુરૂષો કરતાં સ્ત્રીઓના મતદાનની ટકાવારી ઓછી હતી. 1984 માં સ્ત્રી મતદાનની ટકાવારી 68% થી વધુ રહેવા પામી હતી. આધુનિક સમયમાં સ્ત્રી મતદાનની ટકાવારીમાં વૃધ્ધિ થઈ છે. પરંતુ તેમાં ચઢાવ–ઉતાર આવતા રહે છે.

આમ, જોવા જઈએ તો સ્ત્રીઓમાં ભારતીય પુરૂષો જેટલી રાજકીય જાગૃતિ વિકસી નથી. જુદા જુદા પ્રદેશોના મતદાન વર્તનના પ્રવાહો જુદા જુદા પરિબળો સાથેના સંબંધો દર્શાવે છે.

ઉમેદવારીમાં સહભાગીપણું રાજકારણમાં સ્ત્રીઓન સક્રિય પ્રવેશને તથા સ્ત્રીના રાજકીય નેતૃત્વને સૂચિત કરે છે. રાજકીય નેતા તરીકે સ્ત્રી ચૂંટણીમા ઉમેદવારી નોંધાવે છે. સ્ત્રી ઉમેદવારને તેના અનુયાયીઓ હોય છે. એમ માનવામાં આવે છે કે સ્ત્રી ઉમેદવાર સ્ત્રી મતદારોને આકર્ષી શકે છે. એટલે સ્ત્રીનો રાજકારણમાં પ્રવેશ શક્ય બને છે.

ઘણા વિવેચકો સ્ત્રી–પુરૂષ રાજકીય સમાનતાને અર્થહીન ગણતા હતા ત્યારે ગાંધીજીએ ભારતીય સમાજનું ન્યાયી સમાજમાં રૂપાંતર કરવા માટે સ્ત્રીઓની રાજકીય સમાનતાને મુખ્ય ગણી હતી અને આ પ્રક્રિયામાં સ્ત્રીઓ મુખ્ય ચાલકબળ બની રહેશે એવું જણાવ્યુ હતું.

1952 થી 1998 સુધીની લોકસભાની બાર ચૂંટણીઓમાં સ્ત્રી ઉમેદવારો અને તેમાથી ચૂંટાયેલી સ્ત્રીઓનું વિશ્લેષણ નીરા દેસાઇ અને ઉષા ઠાકર દ્વારા થયું છે. જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 3.4 માઠી માંડીને 8.8 ટકા રહ્યું હતું. ચંદ્રિકા રાવળ અને શૈલજા ધ્રુવ દ્વારા 1952 થી 2009 સુધી લોકસભા અને રાજ્યસભાની 15 ચૂંટણીઓમાં જે વિશ્લેષણ થયું એ આ મુજબ છે.

લોકસભામાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ 3.49 ટકાથી માંડીને 10.68 ટકા રહ્યું હતું અને 15 ચૂંટણીઓમાં સ્ત્રીઓનું સરેરાશ પ્રતિનિધિત્વ લોકસભામાં 6.59 ટકા અને રાજ્યસભામાં 9 ટકા રહ્યું હતું.

સ્ત્રીઓને મતદાન અને ઉમેદવારી કરવાના મળેલા પુરૂષ સમકક્ષ અધિકારોનો ભોગવટો બહુ ઓછી સ્ત્રીઓ દ્વારા થાય છે. બંધારણ અર્પિત રાજકીય અધિકાર પ્રત્યેના પ્રતીભાવ તરીકે સ્ત્રીઓના પ્રતિનિધિત્વમાં સુધારો થયો છે. સ્ત્રીઓનું રાજકીય સહભાગીપણું વધતું જાય છે.

❖ **સારાંશ :–**

આમ, ભારતમાં ધીમે ધીમે સ્ત્રી શિક્ષણમાં સુધારો થઈ રહ્યો છે. શહેરી ભારતમાં છોકરીઓ લગભગ છોકરાઓની સમાંતર જ શિક્ષણ મેળવે છે. પરંતુ ગ્રામીણ ભારતમાં સતત છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ છોકરાઓની સરખામણીમાં ઓછું રહ્યું છે. ભારતમાં સ્ત્રી શિક્ષણ માટે સૌથી મોટા અવરોધોમાં શાળાઓમાં અપૂરતી સુવિધાઓ, સ્ત્રી શિક્ષકોનો અભાવ અને અભ્યાસક્રમમાં જાતિ વિષયક પૂર્વગ્રહ સમાવિષ્ટ છે. હાલમાં આ પરિસ્થિતિમાં ઘણો સુધારો જોવા મળેલ છે.

રાજકીય તબક્કે હક ઉપર વાત કરીએ તો મતદાનમાં સ્ત્રીઓ મતદાન પ્રત્યે જાગૃત થઈ છે તેમજ પોતાના હકકોથી વાકેફ થઈ છે. 2005 માં હિન્દુ કાયદામાં કરવામાં આવેલ સુધારા બાદ, હવે હિન્દુ મહિલાઓને પુરૂષ જેટલું જ સ્થાન આપવામાં આવ્યું છે. 1986 માં ભારતીય સર્વોચ્ચ અદાલતે જૂના છૂટાછેડા લીધેલીમુસ્લીમ મહિલા શાહબાનોને, ભરણપોષણના નાણાં મેળવવા માટે હકદાર જાહેર કરી હતી. એ જ રીતે એક ખ્રિસ્તીએ મહિલા પણ છૂટાછેડાના સમાન અધિકારો માટે વર્ષો સુધી લડત આપી, અંતે સફળ થઈ. આમ સ્ત્રીઓમાં શિક્ષણ અને રાજકીય ક્ષેત્રે ખૂબ વિકાસ જોવા મળે છે.

### ❖ સંદર્ભ ગ્રંથ :–

1. ડો. રાવળ, ચંદ્રિકા અને ડો. ધ્રુવ, શૈલીજા (2013). સ્ત્રીઓ અને સમાજ.
2. ડો. દેસાઇ નિરા( 1967).ભારતીય સમાજમાં સ્ત્રી જીવન.
3. શાહ, કલ્પના (2000). સ્ત્રીઓ અને વિકાસ.
4. ઝવેરી, મહેન્દ્ર કે. (1977). સામાજિક પરીવર્તન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
5. ડો. રાવ, હેમીક્ષા(2015). સામાજિક પરિવર્તન અને વિકાસ